# देवकुलपाटक.

લેખક

શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિ.

એ. એમ. એ. એસ. બી.

રાજકોટ નિવાસી સેઠ હેમચંદ ધારશીની સહાયતાથી શ્રીયશોવિજયજૈનગ્રંથમાળા તરફથી
**અભયચંદ ભગવાનદાસ ગાંધીએ**
પ્રકાશિત કર્યું.

વીર સં. ૨૪૪૩. સ. ૧૯૧૬.

ધી આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું.

આવૃત્તિ બીજી.

1160

તૈયાર છે!　　　　તૈયાર છે!!　　　　તૈયાર છે!

# ઐતિહાસિક રાસ સંગ્રહ.

## (ભાગ ૧ લો.)

આ ભાગમાં, કોચરવ્યવહારીનો રાસ, રસરત્નરાસ, સુમતિસાધુસૂરિવિવાહલો, ભીમચોપાઈ, ખેમાહડાલીયાનો રાસ અને રાયચંદ્રસૂરિ ગુરૂ બારમાસ એમ છ રાસો, ત્હેનો સાર, ઐતિહાસિક ટિપ્પણીઓ અને કઠિણ શબ્દાર્થ સંગ્રહ પણ આપવામાં આવ્યો છે. કોચરની જીવદયા પ્રત્યેની શુભ લાગણી, બાર ગામોમાં વગડાવેલો અમારી પડહો, મહમ્મદ બેગડાના વખતમાં પડેલો મહાન્ દુષ્કાળ, 'શાહ' પદવીને જાળવી રાખવા ખેમા હડાલીયાએ કરેલી દાનશૂરતા અને એવી એવી ઘણી બાબતો આ પ્રથમ ભાગમાંથી મળી આવે છે. ઇતિહાસ પ્રેમીઓને માટે જ્હેમ આ ભાગ ઘણોજ ઉપયોગી છે, તેમ રાસના વાંચનારાઓ અને કથાપ્રિય મહાશયોને પણ ઘણોજ ઉપયોગી છે. કિંમત માત્ર **આઠ** આના.

# ઐતિહાસિક રાસ સંગ્રહ.

## (ભાગ ૨ જો.)

આ ભાગમાં ખિમઋષિ, બલિભદ્ર, અને શ્રીયશોભદ્રસૂરિના રાસો આપવામાં આવ્યા છે કે જ્હે રાસો સુપ્રસિદ્ધ કવિવર **લાવણ્યસમયની** કૃતિના છે. ખિમઋષિના ઘણાજ કઠિણ અભિગ્રહો, બલિભદ્રની ચમત્કારિક વિદ્યાઓ અને યશોભદ્રસૂરિનાં પ્રભાવિક કાર્યો જાણવાને આ ત્રણે રાસો ઘણાજ ઉપયોગી છે. પ્રથમ ભાગની માફક આમાં પણ રાસસાર, ઐતિહાસિક ટિપ્પણીઓ અને શબ્દાર્થ સંગ્રહ આપવામાં આવ્યો છે. એટલુંજ નહિં, પરન્તુ નાડલાઈ અને હસ્તિકુંડીના પ્રાચીન લેખો અને ત્હેનો સાર આપી ઇતિહાસ પ્રેમીઓને ઘણોજ ઉપયોગી થઈ પડે, તેમ બહાર પાડ્યો છે. કિંમત માત્ર **દસ** આના.

લખો—

શ્રીયશોવિજયજી ગ્રંથમાળા ઑફીસ,

ખારગેટ—**ભાવનગર.**

# બે બોલ.

એ તો સૌ કોઇ સમજી શકે તેમ છે કે—'જૈનઇતિહાસ' લખી શકાય ત્હેવાં સંપૂર્ણ સાધનો હજૂ સુધી બહાર આવવા પામ્યાં નથી. બેશક, એટલું તો ખરૂંજ છે કે–'જૈનઇતિહાસ' લખી શકાય, ત્હેવાં સાધનો આપણામાં છે ઘણાં, પરન્તુ તે છૂટાં છવાયાં છે અને અપ્રસિદ્ધ છે. અતએવ ઇતિહાસના શોખીનોનું એ પહેલું કર્તવ્ય છે કે–ઇતિહાસને લગતાં ત્હેવાં સાધનો પ્રથમ પ્રકાશમાં આણવાં, અને જ્યહારે તે બધાં સાધનો લગભગ બહાર આવી જશે, ત્યહારેજ કોઇપણ લેખકને 'જૈન ઇતિહાસ' લખવામાં લગારે મુશ્કેલીની સ્હામે થવું પડશે નહિં.

આવાં સાધનો પૈકી શિલાલેખો, તામ્રપત્રો, પ્રશસ્તિઓ અને બીજાં જ્હે કંઇ સાધનો હોય તે મેળવીને પ્રાચીન નગરોનાં ઐતિહાસિકદૃષ્ટિથી વૃત્તાન્તો બહાર પાડવાં એ પણ એક પ્રધાન કર્તવ્ય રૂપે છે.

આ વાતને લક્ષ્યમાં રાખીને, ગયાના આગલા વર્ષમાં જ્યહારે આપણા સુપ્રસિદ્ધ શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય **શ્રીવિજયધર્મસૂરિ** એ. એમ. એ. એસ. બી. મહારાજ ઉદેપુરમાં બિરાજતા હતા, ત્યહારે તેઓશ્રીએ, ઉપાધ્યાયજી શ્રીઇન્દ્રવિજયજી મહારાજ દેલવાડાથી જ્હે શિલાલેખો લાવેલા, તે અને બીજાં કેટલાંક સાધનો ઉપરથી આ પુસ્તક તૈયાર કર્યું હતું; કે જ્હેને પ્રકટ કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ બહાર પડતાં અમે જ્હે જ્હે સાક્ષરો અને સુપ્રસિદ્ધ માસિકપત્રો ઉપર આની નકલ મોકલાવી હતી, તે દરેકે એકી અવાજે આ પ્રશંસા કરી છે. અને ઘણાઓ મુક્તકંઠે એમ કહી શકયા છે કે–' આજ

સુધીમાં જૈન ઇતિહાસમાં અતીવ ઉપયોગી અગર કોઇપણ પુસ્તક બહાર પડયું હોય તો તે આ એકજ છે.' 'માર્ડન રીવ્યુ' 'બોમ્બે ક્રોનીકલ' જેવાં અંગ્રેજી, 'સરસ્વતી' 'જૈન હિતૈષી' જેવાં હિન્દી અને 'બુદ્ધિપ્રકાશ' 'સાહિત્ય' જેવાં ગુજરાતી માસિકપત્રોના વાંચનારાઓ આ વાતને સારી પેઠે જાણતા હશે. વળી તેથી પણ વધારે ખાત્રી એ ઉપરથી થઇ શકશે કે–આ પુસ્તક એક ઐતિહાસિક વિષયનું (કે જહે વિષયના શોખીનો ઘણાજ થોડા હોય છે.) હોવા છતાં, થોડાજ સમયમાં અમારે ત્હેની ઘણી જલદી બીજી આવૃત્તિ બહાર પાડવાની જરૂર પડી છે. એટલુંજ નહિં પરન્તુ, અમને એ જણાવતાં અત્યન્ત હર્ષ થાય છે કે–આ પુસ્તકને હિંદીમાં બહાર પાડવાને પણ કેટલાક હિંદીપ્રેમીઓએ અમને સાગ્રહ ભલામણ કરી છે. પુસ્તકની ઉપયોગિતાને માટે આ હકીકત કમ નથી.

અંતમાં—અમને એ જોઇને વધારે હર્ષ થાય છે કે–આચાર્ય મહારાજશ્રીનું આ પુસ્તક બહાર પડ્યા પછી, તેઓશ્રીના છેલ્લા વક્તવ્ય પ્રમાણે લેખકોનું આવા પ્રયાસ તરફ વલણ થયું છે. આશા રાખીએ છીએ કે-હજુ પણ વધારે ને વધારે આ વિષય તરફ લેખકોનું વલણ થાય અને આવાં અતીવ ઉપયોગી પુસ્તકો બહાર પડે.

| | |
|---|---|
| શ્રીયશોવિજયજૈનગ્રંથમાળા ઓફીસ.<br>ખારગેટ—**ભાવનગર.**<br>માર્ગશીર્ષ સુદિ ૮ વીર સં. ૨૪૪૩ | **અભયચંદ ભગવાન્દાસ ગાંધી.**<br>પ્રકાશક. |

अर्हम्

शान्तमूर्तिपरमगुरुश्रीवृद्धिचन्द्रेभ्यो नमः

# देवकुलपाटक.

દેવકુલપાટક, એ દેલવાડાનું બીજું નામ છે. આજસુધીમાં ચાર દેલવાડાં, મારા જાણવામા આવ્યાં છે.-૧ આબૂ-દેલવાડા, ૨ શંખલપુરથી ૩ ગાઉ દૂર, ચાણસમા તાબાનું દેલવાડા, ૩ મહુવાથી જૂનાગઢ જતાં ઉનાથી ૧ાા ગાઉ ઉપર આવેલું દેલવાડા અને ૪ ઉદેપુરથી ૧૭ માઇલ ઉત્તરમાં આવેલું દેલવાડા.

આ પુસ્તકમાં વર્ણવેલ દેવકુલપાટક ( દેલવાડા ) તે છે કે-જહે ઉદેપુરથી ઉત્તરમાં ૧૭ માઇલ અને ઉદેપુરના રાણાઓના ઇષ્ટદેવ એકલિંગજી મહાદેવથી ૪ માઇલ દૂર છે. આ દેલવાડાનો શિલાલેખો વિગેરેમાં જુદા જુદા નામોથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે:—દેવકુલપાટક, દેઉલવાડા, દેલઉલા અને દેલવાડા વિગેરે. વર્ત્તમાનમાં આ ગામને દેલવાડા જ કહેવામાં આવે છે. હવે એ વિચારવું જરૂરનું છે કે—મૂળ નામોનો અપભ્રંશ થતાં થતાં દેલવાડા કેવી રીતે થયું ?

'દેવકુલપાટક' ની અંદર બે શબ્દો છે:—'દેવકુલ' અને 'પાટક.' 'પાટક' નો અર્થ 'ગામનો અર્ધભાગ' થાય છે, એમ હેમચંદ્રાચાર્ય પણ 'અભિધાન ચિંતામણિ કોશ' માં **पाटकस्तु तदर्धे स्यात्** એ વચનથી કહે છે. 'પાટક' શબ્દનો પ્રાકૃતમાં 'પાડો' 'વાડો' એવા બે રૂપો થાય છે. અત્યારે પણ આજ અર્થમાં 'પાડો' 'વાડો' શબ્દ વપરાય છે. જ્હેમ મણિયાતીપાડો અથવા વાણિયાવાડો વિગેરે. હવે રહ્યો 'દેવકુલ' શબ્દ. આ દેવકુલ શબ્દનું પ્રાકૃતમાં 'દેઉલ' એવું રૂપ થાય છે. એ પ્રમાણે દેઉલવાડા થયું. 'દેઉલવાડા' એવું નામ આગળ આપેલા શિલાલેખો પૈકી ૨૯ મા નંબરના શિલાલેખમાં પણ વપરાએલું છે. ત્ય્હારપછી દેઉલવાડાનો અપભ્રંશ થઇને દેલવાડા થયેલ છે. આવી રીતે 'દેલઉલા' પણ 'દેવલકુલ' નું પ્રાકૃત રૂપ હોવાથી તેજ અર્થને સૂચવે છે.

આ દેલવાડાને માટે ઊપર બતાવેલ 'દેલઉલા' પ્રયોગ પણ સ્થળે વપરાયેલો જોવામાં આવે છે. જૂઓ:—

" एवं देलउलापुरे सुविदितं श्रीमद्युगादिप्रभुं "

( સ્તોત્ર સં. ભા. ૨, ય૦ વિ૦ ગ્રં૦ માં છપાયેલ, પૃ૦ ૨૩૭ )

લક્ષ્મીસાગરસૂરિએ આજ દેલવાડાના શ્રીઋષભદેવ ભગવાનનું સ્તોત્ર બનાવ્યું છે. ત્હેના પ્રારંભમાંજ લખ્યું છે:—

" जय सुरअसुरनरिंदविंदवंदिअपयपंकय !
जय देलउलापुरवयंस ! सेवयकयसंपय ! ।
किंपणुभूअसुमंतजंति तुह जगआणंदण !
थुत्त करिसु बहुभत्तिजुत्त मरुदेवीनंदण ! ॥ १ ॥

વળી આ આખા ગામનું નામ 'દેવકુલપાટક' (દેલવાડા) હોવામાં એક એ પણ કારણ માલૂમ પડે છે કે-પહેલાં અહિં એક મ્હોટું નગર હતું, અને તેની અંદર અત્યારે જ્હેને દેલવાડા કહેવામાં

આવે છે, તે ભાગમાં ઘણાં મંદિરો હોવાથી, ત્હેને દેવકુલપાટક ( દેઉ-લવાડો ) કહેતા હોય; પશ્ચાત્ કાળક્રમે ગામનો મોટો ભાગ નષ્ટ થઇ ગયો હોય અને શેષ રહેલો ભાગજ ' દેલવાડા ' એ ગામ તરીકે ગણાયો હોય. આજ વાતની પુષ્ટિમાં એક એ કારણ પણ મળે છે કે-આ ગામથી ૪ માઇલ પર એક નાગદા ( નાગહ્રદ ) નામક ન્હાનું ગામડું છે. ( જ્યહાંથી ૧૮ નંબરનો શિલાલેખ લેવામાં આવ્યો છે. ) કહેવાય છે કે-આ ગામડું પહેલાં આ ગામની એક પોળ-મહોલ્લા તરીકે હતું. અસ્તુ !

પંદરમી-સોળમી અને છેવટે સત્તરમી શતાબ્દિ સુધીમાં આ ગામ પૂર જાહોજલાલીપર હતું, એમ અહિંથી મળેલા શિલાલેખો અને પ્રાચીન પુસ્તકોમાં આપેલા વર્ણનો ઉપરથી માલૂમ પડે છે. આ સિવાય તે સમયમાં, અહિં જૈનોની બહોળી વસ્તી હશે; એમ અહિં થએલી પ્રતિષ્ઠાઓ બતાવી આપે છે. મંદિરો ( દેરાસરો ) પણ વર્ત્તમાનમાં છે એટલાંજ નહિં, પરન્તુ ઘણાંજ હતાં, એવી કલ્પના અહિંનાં ખણ્ડેરો કરાવે છે. અત્યારે માત્ર ત્રણે મંદિરો[1] ( જેને વસહી કહે છે, ) અખંડ વિદ્યમાન છે. કહેવાય છે, કે-અહિં પહેલાં ત્રણસો ઘંટોનો નાદ ( શબ્દ ) સંભળાતો હતો.

આચાર્યશ્રીસોમસુંદરસૂરિ, જેઓ પંદરમી સદીમાં થયા છે, ઘણી વખત આ નગરમાં પધાર્યા હતા, એમ ' સોમસૌભાગ્ય કાવ્ય ' ઉપરથી, તેમ તેમની કરાવેલી પ્રતિષ્ઠાઓના મળેલા શિલાલેખો ઉપરથી જણાઈ આવે છે.

---

૧ અત્યારે જે ત્રણ મંદિરો છે, તે પૈકીનાં બે મંદિરોમાં પહેલાં ત્રણ ત્રણ પ્રતિમાઓ હતી. પરંતુ તે ખંડિત હતી. સંવત્ ૧૯૫૪ માં જ્યહારે પ્રતિમાઓ જમીનમાંથી નિકળી, ત્હારે સ્થાપિત કરી. બધી મળીને ૧૨૪ પ્રતિમાઓ નિકળી હતી. આ પ્રતિમાઓ સંવત્ ૧૯૬૨ ના વૈશાક શુદ ૨ ના દિવસે પ્રતિષ્ઠાપિત થઈ હતી. તે પહેલાં સંવત્ ૧૯૨૧ ની સાલમાં પણ ૭૨ પ્રતિમાઓ નિકળી હતી.

શ્રીસોમસુંદરસૂરિ, પોતાને સં. ૧૪૫૦ માં વાચકપદવી મળ્યા પછી તુરતજ આ નગરમાં આવ્યા હતા. આ વખતે તેમની ઉમર માત્ર ૨૦ વર્ષની હતી. લાખા ( લક્ષ[1] ) રાણાના માનીતા મંત્રી **રામદેવ** અને **ચુંડ** ઘણા ધનાઢ્યોની સાથે તેમની સ્હામે ગયા હતા. અને તે બધા ગૃહસ્થોએ તેમનો પ્રવેશોત્સવ મોટા આડંબર સાથે કર્યો હતો. તેમની ન્હાની ઉમરમાં પણ અપૂર્વ ઉપદેશનું માધુર્ય જોઇ લોકો ચકિત થતા હતા. આ વખતે ત્હેમણે ઘણા ભવ્યોને વ્રતાદિ ગ્રહણ કરાવ્યાં હતાં.

બીજી વખત જ્યહારે શ્રીસોમસુંદરસૂરિ દેલવાડામાં પધાર્યા, ત્યહારે **નીંબ** નામના શ્રાવકની વિનતિથી–ત્હેણે કરેલા અપૂર્વ ઉત્સવ-પૂર્વક **ભુવનસુંદર** વાચકને આચાર્ય પદવી આપી હતી. આજ **નીંબ** શ્રાવકે **ખાગહડી**માં ભવ્યમંદિર પણ બંધાવ્યું હતું.

આચાર્યશ્રી ત્રીજી વખત જ્યહારે પધાર્યા, ત્યહારે પણ **પદોત્સવો** અને **પ્રતિષ્ઠાઓ** વિગેરેના ઘણા ઉત્સવો થયા હતા. તે આ પ્રમાણેઃ—

---

૧ આ વખતેજ ચિત્તોડ ( મેદપાટ )ની ગાદીપર લાખો ( લક્ષ ) રાણો રાજ્ય કરતો હતો. કેમકે સ. ૧૪૩૯ ( સ. ૧૩૮૩ ) માં તે ગાદીએ બેઠો હતો. શ્રીચારિત્રરત્નગણિએ સં. ૧૪૯૫ માં બનાવેલી 'ચિત્તોડની પ્રશસ્તિ'માં પણ લખ્યું છે કેઃ—

" **श्रीलक्षः** क्षितिपालभालतिलकः प्रख्यातकीर्तिस्ततो-
निर्माति स्म तदङ्गजो वसुमतीं राजन्वतीमन्वहम् ।
न्यायश्रीः कलिकालभीषणतमग्रीष्मातपोत्तापिता
भेजे यद्भुजदण्डमण्डपतले विश्रामलीलासुखम् " ॥ ११ ॥

આ નગરમાં એક [1]**વીસલ** નામનો શ્રેષ્ઠી, કે જે બ્રહ્મચારી હતો અને જે લાખારાણાનો માનીતો હતો, રહેતો હતો. ત્હેની **ખીમાઈ**

---

૧ આ વીસલ મૂળ રહેવાસી ઈડરનો હતો. તેના પિતાનું નામ વાછા (વત્સ) હતું. તેઓ ચાર ભાઈ હતા. વિગેરે હકીકત નીચેના શ્લોકોથી જણાશેઃ-

" श्रियः पदं संपदुपेतनानामहेभ्यशोभाकलितद्युलक्ष्मि ।
प्रोत्तुङ्गदुर्गप्रविराजमानमियद्दरं नाम पुरं समस्ति " ॥ १ ॥

" संग्रामसंत्रासितनैकशाखी दानैः पराभूतसुपर्वशाखी ।
तत्रास्ति कंदर्पसमानरूपः शूरेषु रेखा रणमल्लभूपः " ॥ २ ॥

" ऊकेशाभिधवंशवारिधिविधुः संघाधिपः संपदा
राज्ये तस्य बभूव भूपतिसमः श्रीवत्सराजाह्वयः ।
यो नैवोत्कटकूटसंकटतनुः श्रीमन्दरागोप्यहो !
आश्चर्यं धनदः प्रसन्न भजते ख्यातिं कुबेरस्वतः " ॥ ३ ॥

× × × × × ×
× × × × × ×
× × × × × ×
× × × × × ×
× × × × × ×

" राणीरिति मृदुवाणी कान्ता जातास्य मेरुमूर्तिरिव ।
सन्नन्दना सुरमणी रमणी याभीष्टकल्पलता " ॥ ६ ॥

" चतुःसंख्यास्तयोः पुत्राः श्रीदा मोदरताः सुताः ।
सद्दानवासनायुक्ताः पुरुषोत्तममताः श्रुताः " ॥ ७ ॥

" तेष्वाद्यो गुणवान्नियद्दरपुरे प्रोतुङ्गमाद्यार्हतो
यः प्रासादमचीकरत् स विनयी गोविन्दसंघाधिपः ।

નામની પતિવ્રતા સ્ત્રી હતી. ખીમાઈના ભાઇનું નામ સાહણ (સહણ-પાલ) હતું, કે જહેનું નામ આગળના શિલાલેખો પૈકી ૯-૧૩-૧૮-૨૬

---

द्वैतीयीकसुतोऽस्ति वीसल इति ख्यातस्तृतीयः पुन-
र्विज्ञेष्वक्रूरसिंह इत्यथ गुणी तुर्यस्तु हीराभिधः" ॥८॥

"श्रीमद्देउलवाटकेऽथ निवसन् श्रीलक्षभूमीपते-
र्मान्यः पुण्यवतां सुवर्णमुकुटः संघाधिपो वीसलः ।
अस्ति स्वस्तिमयावदातचरितश्चातुर्यगंभीरता-
सम्यक्त्वस्थिरतादिबन्धुरगुणश्रेणीमणी रोहणः ॥९॥

(પીટર્સનનો રીપોર્ટ છઠ્ઠો-પૃ० ૧૭-૧૮)

ઉપરના શ્લોકોથી એ પણ જણાયું કે-તે વખતે ઇડરનો રાજા **રણમલ્લ** હતો. **વત્સ** (વીસલનો પિતા) ઉકેશવંશીય (ઓસવાલ) હતો. વીસલની માતાનું નામ **રાણી** હતું. વત્સને ચાર પુત્રો હતા:-૧ **ગોવિન્દ**, ૨ **વીસલ**, ૩ **અક્રૂરસિંહ** અને ૪ **હીરો**. વીસલ **લાખારાણા**નો માનીતો હતો. અને તે પોતાનું સાસરૂં દેવકુલપાટકમાં હોવાના કારણથીજ પાછળથી ઇડરથી આવી વસ્યો હોય એમ જણાય છે. કેમકે લાખારાણાના મંત્રી **રામદેવ**, અને તેની સ્ત્રી **મેલાદે**, વીસલના સાસરા અને સાસુ થતાં હતાં, એમ આગળ આપેલા શિલાલેખો પૈકીનો બીજા નંબરનો શિલાલેખ સિદ્ધ કરે છે. આ સિવાય પીટર્સનના છઠ્ઠા રીપોર્ટના પેજ ૧૮, શ્લોક ૧૨માં પણ **ખીમાઇ** (વીસલની સ્ત્રી), રામદેવની ભાર્યા **મેલાદે**ની પુત્રી હોવાનું જણાવ્યું છે. તે શ્લોક આ પ્રમાણે છે:-

"श्रीधर्मोत्कटमेदपाटसचिवश्रीरामदेवाङ्गजा
मेलादेविसमुद्भवाद्भुतलसच्चातुर्यसौन्दर्यभृत् ।
शीलश्रीकलिता सुधर्मनिरता लज्जागुणालंकृता
खीमाईरिति विश्रुतास्ति दयिता तस्य प्रशस्या गुणैः" ॥१२॥

આજ **રામદેવ** મંત્રીનું નામ આગળના શિલાલેખો પૈકી ૧૦-૧૧-૧૩ ૧૭-૧૮ નંબરના શિલાલેખોમાં પણ આવે છે. અને તે **નવલખા** ગોત્રનો હતો.

નંબરના શિલાલેખોમાં આવે છે. વીસલને બે પુત્રો હતા:-૧ [1]**ધીર** અને ૨ **ચંપક**, આ વીસલની વિનતિથી અને હેણે કરેલા ઉત્સવપૂર્વક આચાર્યશ્રીએ **વિશાલરાજ**ને વાચકપદ આપ્યું હતું. આ સિવાય આજ **વીસલે** ચિત્રકૂટ (ચિત્તોડ) માં શ્રીશ્રેયાંસનાથનું ભવ્ય મંદિર બનાવ્યું હતું, અને આચાર્યશ્રીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. વીસલના બીજા પુત્ર **ચંપકે**, હેની માતા ( ખીમાઇ ) ના અનુરોધથી ૯૩ આંગલનું એક જિનબિંબ કરાવ્યું. અને આજુબાજુ રહેલ બે કાઉસગીયા સાથે તે બિંબને મંદિરમાં સ્થાપિત કર્યું, આનું '**મનોરથકલ્પદ્રુમ**[2]' એવું નામ આપ્યું. પ્રતિષ્ઠા શ્રીસોમસુંદરસૂરિએ કરી. વળી ચંપકે કરેલા ઉત્સવપૂર્વક **શ્રીજિનકીર્તિ**ને સૂરિપદ અને બીજા

---

આજ **વીસલે** ' ક્રિયારત્નસમુચ્ચય ' ની દશ પ્રતો લખાવ્યાનું ' ક્રિયારત્નસમુચ્ચય ' ની પ્રશસ્તિમાં ગુણરત્નસૂરિએ જણાવ્યું છે. યથા:—

" वाछासंघपतेरियद्दराविभोर्मान्यस्य धन्यः सुतः
शश्वद्दानविधिर्विवेकजलधिश्चातुर्यलक्ष्मीनिधिः ।
अन्यस्त्रीविरतः सुधर्मनिरतो भक्तः श्रुतेऽलेखयत्
साधुर्वीसलसंज्ञितो दश वरा अस्य प्रतिरादिमाः " ॥६५॥

(૧) **ખીમાઈ** (ખીમી) નો પુત્ર **ધીર** હતો, એ વાત ટૉડરાજસ્થાન ( ગુજરાતી, એન. એમ. ત્રીપાઠીવાળું ) પ્રથમ ભાગના ૨૭૦ મા પેજમાં પણ આ પ્રમાણે લખી છે:—"ખીમીનો પુત્ર **ધીરજ** માળવાનો હોસંગ સામે ટરોવેલી મદદ મેળવવાને આવ્યો હતો. "

(૨) **ખીમાઇ**એ 'મનોરથકલ્પદ્રુમ પાર્શ્વનાથ' એવું નામ આપી પ્રતિષ્ઠા કરાવ્યાનું 'શ્રીગુરૂગુણરત્નાકરકાવ્ય ' ( ય૦ વિ૦ ગ્રં૦ માં છપાયેલ ) પૃ૦ ૧૨ માં પણ આ પ્રમાણે કહ્યું છે:—

" यत्कारितं मनोरथकल्पद्रुमनामपार्श्वजिनबिंबम् ।
खीमाईश्राविकया प्रतिष्ठितं यैश्च तदतिमहत् " ॥६५॥

આ મંદિર વર્તમાનમાં મોજૂદ નથી.

કેટલાક મુનિરત્નોને પંડિતપદ આપ્યાં હતાં, તેમ ઘણાઓને દીક્ષા પણ આપી હતી. ચંપકની માતા ખીમાઇએ ચંપકની સાથે પંચમી તપનું ઉદ્યાપન કર્યું હતું, અને ત્હેમાં ત્હેણે ઘણો દ્રવ્યવ્યય કર્યો હતો. આચાર્ય શ્રીસોમસુંદરસૂરિ પાસે ચંપકે સમ્યકત્વ (શ્રદ્ધા) ગ્રહણ કરી પ્રત્યેક નગર–પ્રત્યેક ઉતારે–પ્રત્યેક દિશામાં પાંચ પાંચ સેર વજનના સુવર્ણના ટંકાયુક્ત અને શ્રેષ્ઠ કપૂરથી મિશ્રિત લાડુ વ્હેંચ્યા હતા–લ્હાણી કરી હતી.

એક વખતે [1]સુરગિરિનો રહીશ **મહાદેવ**[2] નામનો ધની દ્રવ્યનો પોઠીયો ભરીને દેલવાડામાં આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યો

---

(૧) આ સુરગિરિ તે છે, કે જ્હેનું મૂળનામ **દેવગિરિ** છે, અને જ્હેને વર્તમાનમાં **દોલતાબાદ** કહેવામાં આવે છે. આ ગામ દક્ષિણ દેશમાં આવેલું છે.

(૨) આ **મહાદેવ** તેજ છે કે જ્હેનું વર્ણન 'ગુરૂગુણરત્નાકરકાવ્ય' ના ત્રીજા સર્ગના શ્લોક ૫ થી ૭ માં કરવામાં આવેલ છે:—

" श्री**देवगिर्या**ह्वमहापुरादिहाऽऽगत्याऽतिभक्त्या प्रणिपत्य तीर्थपान् ।
शत्रुञ्जयादौ सुगुरून् पुन**र्महादेवा**ऽभिधेनेभ्यवरेण साधुना ॥५॥
लाटादिपल्ल्यां प्रथिते पृथुक्षणे प्रभूतपुंसां पटटङ्ककाऽर्पणे ।
श्रीसोमदेवाह्वयसूरिशोभितैः पूज्यैस्ततो यैः शतशो यतैर्वृतैः ॥६॥
श्रीमत्सुधानन्दनहेमहंसयोः सद्वाचनाऽऽचार्यशिरोऽवतंसयोः ।
प्रसादिता वाचकता तदोदयाच्चूलागणिन्याश्च महत्तरापदम् ॥७॥
[ त्रिभिर्विशेषकम् ]

અર્થાત્—**દેવગિરિ**થી આવી, શત્રુંજયાદિ તીર્થોમાં જિનેશ્વરો અને ગુરૂઓને અતિભક્તિથી નમસ્કાર કરીને, લાટપલ્લી (લાડોલ)માં **મહાદેવે** કરેલા મ્હોટા ઉત્સવ પૂર્વક, સોમદેવસૂરિ અને બીજા યતિયો વડે કરીને યુક્ત એવા આચાર્ય શ્રીલક્ષ્મીસાગરસૂરિએ, **સુધાનન્દન** અને **હેમહંસને** **વાચનાચાર્યની** અને **ચૂલાગણિની** સાધ્વીને **મહત્તરા**ની પદવી આપી હતી. કહેવાની મતલબ કે આ પદવીઓ વખતે પણ મહાદેવે મ્હોટો ઉત્સવ કર્યો હતો.

હતો. ત્હેની વિનતિથી અને ત્હેણે કરેલા ઉત્સવપૂર્વક આચાર્યશ્રીએ **શ્રીરત્નશેખરને** વાચકપદ આપ્યું હતું. રાજાના માનીતા **મહાદેવ** શ્રેષ્ઠિએ સમસ્ત તપાગચ્છને વસ્ત્રોની પહેરામણી કરી હતી અને સ્વામિવાત્સલ્ય અને પ્રભાવનાઓ પણ ઘણી કરી હતી.

આ ઉપરથી આપણને સહજ અનુમાન થઇ શકે છે કે-દેવકુલપાટક ( દેલવાડા ) તે વખતે પૂરી ઉન્નતિપર હશે. આટલાજ ઉપરથી નહિં, પરન્તુ શ્રીસોમસુંદરસૂરિના શિષ્યો અને ખરતરગચ્છના શ્રીજિનવર્ધનસૂરિ, શ્રીજિનસાગરસૂરિ, શ્રીજિનચંદ્રસૂરિ તથા શ્રીસર્વાણંદસૂરિ વિગેરેએ અનેકવાર કરેલી પ્રતિષ્ઠાઓ ઉપરથી પણ એ વાત સિદ્ધ થાય છે.

આ દેલવાડામાં છેવટ અઢારમી શતાબ્દિ સુધીમાં પણ ઘણાં મંદિરો હોવાનું માલૂમ પડે છે. કેમકે મુનિરાજ **શ્રીશીલવિજયજી**એ સં. ૧૭૪૬ માં બનાવેલી તીર્થમાળામાં પણ આ પ્રમાણે જણાવ્યું છે.

**" દેલવાડિ છિ દેવજ ઘણાં બહુ જિનમંદિર રળીયામણાં;**
**દોઇ ડુંગર તિહાં થાપ્યા સાર શ્રીશત્રુંજે નિ ગિરનાર." ૩૭**

આથી જણાય છે કે-તે વખતે દેલવાડામાં ઘણાં મંદિરો હોવાં જોઇએ. વળી ઉપરની કડીમાં દેલવાડામાં પહેલાં શત્રુંજય અને ગિરનાર એ નામના બે પર્વતોની સ્થાપના હોવાનું પણ સિદ્ધ થાય છે. ( જેવી રીતે કે આજ કાલ નાડલાઇમાં આ નામના બે પર્વતોની સ્થાપના છે. ) આજ વાતને આગળ આપેલા શિલાલેખો પૈકી ૧૩ નંબરનો શિલાલેખ પુષ્ટ કરે છે. વર્તમાનમાં આ બે પર્વતોની અહિં પ્રસિદ્ધિ નથી, પરન્તુ એક પર્વત ઉપર મંદિરનો આકાર હોવાથી કદાચિત્ એમ અનુમાન કરી શકીએ કે-શત્રુંજય-ગિરનાર એ બે પૈકીમાંનો આ એક પર્વત હોવો જોઇએ.

શ્રીમાન્ કલ્યાણસાગરે બનાવેલ શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ સ્તવનમાં '**દિલવાડઇં હો તું દીનદયાલ**' કહીને અહિં શ્રીપાર્શ્વનાથ

હોવાનું બતાવ્યું છે, પરન્તુ વર્તમાનમાં આ ભગવાનની મૂર્ત્તિ નથી.

શ્રીમાન્ **મેઘે** પોતાની બનાવેલી **તીર્થમાળા**માં 'દેલવાડા' ને તીર્થ તરીકે ઓળખાવ્યું છે:—

**દેઉલવાડઉં નાગદ્રાહા ચીત્રોડ આહડ કરહેડઉ વધણોર ।**
**જાઉર મઝ્ઝયઉર નૈ સાદડી જિનવર નામ ન મૂંકઉં ઘડી॥૭૬॥**

વાચનાચાર્ય શ્રીમાન્ **કીર્તિમેરૂ**એ પણ પોતાના શાશ્વત 'તીર્થમાળા' સ્તવનમાં દેલવાડાનું નામ આ પ્રમાણે ઉલ્લેખ્યું છે.

**નગરકોટ નઇ દેઉલવાડઇ ચિત્રકૂટ નઇ સિરિતલવાડઇ,**
**જે છઇં જિહાં જિનરાજ**

આ કીર્તિમેરૂ વાચનાચાર્યનો સમય પંદરમી શતાબ્દિનો છે, કેમકે ત્હેમણે પોતે લખેલી '**दिनशुद्धिदीपिका**' ની ( નાગપુર તપાગચ્છીય રત્નશેખરસૂરિકૃત ) અંતમાં 'સંવત્ ૧૪૯૭ વર્ષે કાર્તિક માસિ લિખિતા વા૦ કીર્તિમેરૂણા' એમ લખેલું છે.

**શ્રીસૌભાગ્યવિજયજીએ**, પોતાનું '**તીર્થમાળા સ્તવન**' કે, જે સં૦ ૧૭૫૦ માં બનાવ્યું છે, ત્હેમાં પણ લખ્યું છે:—

**" દેલવાડે દેવ છે ઘણા નવિ જાએ ગણ્યા રે**
**વંદ્યા હરષ અપાર. હિ૦ " ૨૪**

વળી અહિં નીંબ-વીસલ-મેઘ-કેહૂલ-ભીમ તથા કટુક વિગેરેએ પણ શ્રીઋષભદેવ ભગવાનનું મંદિર બનાવ્યાનું ગુર્વાવલીમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે:—

" मेदपाटपतिलक्षभूमिभृद्रत्यदेवकुलपाटके पुरे ।
मेघवीसलसकेहूलहेमसद्भीमनिंबकटुकाद्युपासकैः ॥३५३॥

---

૧ આજ **કેલ્હ**ના પુત્ર **સૂરા**એ સં. ૧૪૮૯ માં શ્રીસોમસુંદરસૂરિ પાસે શ્રીકુંથુનાથ પ્રભુની ધાતુની પંચતીર્થીની પ્રતિષ્ઠા કરાવી હતી. કે જે ધાતુની પંચતીર્થી હાલ ઉદેપુરમાં શ્રીશીતલનાથજીના મંદિરમાં છે. અને તેની ઉપર આ પ્રમાણેનો લેખ છે:-

श्रीतपागुरुगुरुत्वबुद्धिभिः कारितं तदुपदेशसंश्रुतेः ।
तैः प्रतिष्ठितमथाऽऽदिमार्हतो मन्दिरं हरनगोपमं श्रिया" ॥३५४॥

આ મંદિરનો પણ વર્તમાનમાં પતો નથી. હવે વર્તમાનમાં જે મંદિરો છે, તેની અંદરથી મળેલા શિલાલેખો તપાસીએ.

## દેલવાડા ( દેવકુલપાટક–મેવાડ ) ના શિલાલેખો.

### ( १ )

" सं० १४६४ वर्षे फाल्गुन वदि ५ प्राग्वाट सा० देपाल पुत्र सा० सुहडसीभार्या सुहडादे पुत्र पीछउलिआ सा० करणभार्या चतू पुत्र सा० धांधा हेमा धर्मा कर्मा हीरा काला भ्रातृ० सा० हीसाकेन भार्या लाखूपुत्र आमदत्तादिकुटुंबयुतेन श्रीद्वासप्ततिजिनपट्टिका कारिता प्रतिष्ठिता श्रीतपागच्छनायकश्रीसोमसुंदरसूरिभिः[१]
॥ श्रीः ॥ "

---

" १४८६ प्राग्वाट व्य० केल्हा ऊमी सुत सूराकेन भा० नीणू भ्रा० चांपा सुत सादा पेथा पदमा कुटुंबयुतेन स्वश्रेयसे श्रीकुंथुबिंबं का० प्र० तपाश्रीसोमसुंदरसूरिश्रीभिः "

( १ ) **શ્રીસોમસુંદરસૂરિનો** સં० ૧૪૩૦ માં જન્મ, ૧૪૩૭ માં દીક્ષા, ૧૪૫૦ માં વાચકપદ, ૧૪૫૭ માં આચાર્યપદવી અને ૧૪૯૯ માં સ્વર્ગભાક્. ( કેટલાકના મત પ્રમાણે ૧૫૦૧ અને ૧૫૦૩ માં સ્વર્ગભાક્ ) ઉપદેશમાળા બાળાવબોધ, ( વિ० સં० ૧૪૮૫ માં ) યોગશાસ્ત્ર બાળાવબોધ, ષડાવશ્યક બાળાવબોધ, ભાષ્યત્રયની અવચૂરિ, કલ્યાણક સ્તોત્ર, ષષ્ટિશતક બાળાવબોધ. ( સં० ૧૪૯૬ માં ) આરાધનપતાકા બાળાવબોધ, તથા નવતત્ત્વ બાળાવબોધ વિગેરે ગ્રન્થોના કર્તા. તેમણે સં० ૧૪૮૫ ના જ્યેષ્ઠ સુ. ૧૩ શ્રીમુનિસુવ્રતસ્વામીના બિમ્બની પ્રતિષ્ઠા કરી હતી, એમ **કરહેડાની** એક ધાતુની પંચતીર્થી ઉપરનો લેખ કહે છે. વળી આમણે પાંચજણને **આચાર્ય** પદવી આપી હતીઃ– ૧ મુનિસુંદરસૂરિ, ૨ જયચંદ્રસૂરિ, ૩ ભુવનસુંદરસૂરિ, ૪ જિનસુંદરસૂરિ અને ૫ જિનકીર્તિસૂરિને.

આ લેખ ભૂત-ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના ભાવનો એક પટ્ટ છે, તે નીચે આપેલો છે.

( २ )

" सं० १४८५ वै० शु० ३ ऊकेशवंशे सा० वाच्छा भार्या राणादे पुत्र सा० वीसल पत्न्या सा० रामदेव भार्या मेलादे पुत्र्या सं० खीमाईनाम्न्या पुत्र सा० धीरा दीपा हासादियुतया श्रीनन्दीश्वरपट्टः कारितः प्रतिष्ठितः तपागच्छे [1]श्रीदेवसुंदरसूरिशिष्यश्रीसोमसुंदरसूरिभिः स्थापितः तपाश्रीयुगादिदेवप्रासादे ॥सूत्रधारनरबदकृतः"

આ લેખ નંદીશ્વરના પટ્ટ ઉપરનો છે.

( ३ )

" १४६४ ऊकेश सा० वाच्छा राणी पुत्र वीसल खीमाई पुत्र धीरा पत्नी सा० राजा रत्नादे पुत्रीं माहल्लणदे का० आदिबिंब प्र० तपाश्रीसोमसुंदरसूरिभिः ॥ "

આ લેખ ભોંયરામાં મૂલનાયકજીની નીચે છે.

( ४ )

" सं० १५०३ वर्षे आषा० शु० ७ प्राग्वाट सा० देपाल पुत्र सा० सुहडसी भा० सुहडादेसुत पीछउलिआ सा० करण भा० चतू पुत्र सा० धांधा हेमा धर्मा कर्मा हीरा हांसा काला सा० धर्माकेन भा० धर्माणिसुत सहसा सालिग सहजा सोना साजणादिकुटुंबयुतेन ९६ जिनपट्टिका कारिता ॥ प्रतिष्ठिता

---

( ૧ ) શ્રીદેવસુંદરસૂરિનો સં૦ ૧૩૯૬ માં જન્મ, ૧૪૦૪ માં દીક્ષા, ૧૪૨૦ માં સૂરિપદ અને ૧૪૬૨ માં સ્વર્ગ.

श्रीतपागच्छाधिराजश्रीसोमसुंदरसूरिशिष्यश्रीजयचंद्रसूरिभिः ॥"[1]

આ લેખવાળા પાષાણુપટ્ટમાં અતીત, અનાગત, વર્ત્તમાન તીર્થંકરોની, ૨૦ વિહરમાનોની અને ૪ શાશ્વત જિનોની મૂર્ત્તિયો કોતરેલી છે.

( ५ )

"॥सं० १५०६ फा० शुदि ८ श० सा० सोमा भा० रूडीसुत सा० समधरेण भ्रातृ फाफासीधरतिहुणागोविंदादिकुटुंबयुतेन तीर्थश्रीशत्रुंजयश्रीगिरिनारावतारपट्टिका का० प्र० श्रीसोमसुंदरसूरिशिष्यश्रीरत्नशेखरसूरिभिः ॥"[2]

પર્વતોના આકારના પટ્ટ ઉપરનો આ લેખ છે.

( ६ )

सं० १५०३ वर्षे आषा० शु० ७ प्राग्वाट सा० आका

---

( ૧ ) **શ્રીજયચંદ્રસૂરિ,** તે 'કૃષ્ણસરસ્વતી' બિરૂદધારક. ઇડરના રહેનાર **શ્રીવત્સના** પુત્ર ( વીસલના ભાઈ), ગોવિંદે કરેલા ઉત્સવપૂર્વક શ્રી**જયચંદ્ર**વાચકને **આચાર્ય** પદવી મળી હતી. આ આચાર્યને, શ્રીસોમસુંદરસૂરિએ ગચ્છનો ભાર સોંપ્યો હતો. 'કાવ્યપ્રકાશ' 'સમ્મતિતર્ક' વિગેરે ગ્રન્થો હેમણે ઘણા શિષ્યોને ભણાવ્યા હતા. આ આચાર્યે સં. ૧૫૦૫ ના વૈશાખ સુદિ ૫ ના દિવસે **દેલવાડા**માં શ્રીઅભિનંદન સ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરી હતી. એમ ત્યાંનો શિલાલેખ કહે છે. આ લેખવાળી પ્રતિમા હાલ આઘાટ (આહડ) ના મંદિરમાં છે. શ્રીધર્મસાગર ઉપાધ્યાયે પોતાની બનાવેલી પટ્ટાવલીમાં '**જયસુંદરસૂરિ**' નામ આપ્યું છે. તે આજ **જયચંદ્રસૂરિ** છે, 'જયસુંદરસૂરિ' નામ ઠીક જણાતું નથી.

( ૨ ) **શ્રીરત્નશેખરસૂરિ,** સં. ૧૪૫૭ માં જન્મ ( મતાન્તરે ૧૪૫૨ માં), ૧૪૬૩ માં દીક્ષા, ૧૪૮૩ માં પંડિતપદ, ૧૪૯૩ માં વાચકપદ, ૧૫૦૨ માં સૂરિપદ, ૧૫૧૭ ના પોષ વદિ ૬ સ્વર્ગ. "બાલસરસ્વતી" બિરૂદધારક. **શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ** (સં. ૧૪૯૬માં), **શ્રાદ્ધવિધિસૂત્ર અને વૃત્તિ** (સં. ૧૫૦૬ માં), **આચારપ્રદીપ** (સં. ૧૫૧૬માં) તથા લઘુક્ષેત્રસમાસ વિગેરે ગ્રન્થોના કર્તા. વળી આમણે બે જણને આચાર્યપદવી આપી હતીઃ—૧ લક્ષ્મીસાગરસૂરિ અને ૨ સોમદેવસૂરિને.

भा० जासलदे चांपू पुत्र सा० देल्हाजेठासोनाषीमाद्यैः चतुर्विंशति-जिनबिंबपट्टः कारितः प्रतिष्ठितः श्रीसोमसुंदरसूरिशिष्यैः श्रीजयचं-द्रसूरिभिः ॥

**આ લેખ ભોંયરામાં ચોવીશ તીર્થંકરના પટ્ટ ઉપરનો છે.**

( ७ )

"॥ ६० ॥ संवत् १४७५ वर्षे ज्येष्ठसुदि ७ गुरुवारे श्री-मालज्ञातिय मंत्रि...णूंप्रासुत नंदिगेस । सुत पुत्रसा० आसासु-श्रावकेण श्रीपार्श्वनाथबिंबं स्वपुण्यार्थे कारितं श्रीखरतरगच्छे श्रीजि-नवर्धनसूरिभिः प्रतिष्ठितं ॥"

---

( ૧ ) **શ્રીજિનવર્ધનસૂરિ,** આ ખરતરગચ્છીય આચાર્ય છે. આમણે સં. ૧૪૭૩ ના ચૈત્ર સુદિ ૧૫ ના દિવસે જેસલમેરમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. ( જૂઓ, શ્રીધર રામકૃષ્ણ કૃત બીજો રીપોર્ટ પૃ૦ ૯૩ )

'ડક્કનકૉલેજ પૂના લાયબ્રેરી' માં તાડપત્ર ઉપર લખેલું 'તાત્પર્યપરિશુદ્ધિ' નું એક પુસ્તક છે. ત્હેની અંતમાં " संवत् १४७१ वर्षे । श्री-रतरगच्छे श्रीजिन-राजसूरिपट्टे श्रीजिनवर्धनसूरीणां पुस्तकं " આ પ્રમાણે લખેલું છે. આથી જ-ણાય છે કે-આ પુસ્તક જિનવર્ધનસૂરિનું હોવું જોઇએ.

વળી સં. ૧૪૭૪ માં આ આચાર્યથી '**પિપ્પલકખરતરશાખા**' એ નામનો પાંચમો ગચ્છભેદ થયો હતો. જ્હેની ગુરૂપરંપરા આ પ્રમાણે છે:—

"સમરૂં સરસતિ ગૌતમ પાય પ્રણુમું સહિગુરૂ ખરતર પાય;  
જસુ નામઇં હોયઇં સંપદા સમરંતા નાવઇ આપદા. ૧

પહિલા પ્રણુમું **ઉદ્યોતનસૂરિ** બીજા **વર્દ્ધમાન** પુન્યપૂરિ;  
કરિ ઉપવાસ આરાહિ દેવી સૂરિમંત્ર આપ્યો તસુ હેવિ. ૨

વહરમાન શ્રીમંધીરસ્વામિ સોધાવિ આવ્યઉ શિરનામિ;  
ગૌતમ પ્રતઇ વીરઇં ઉપદિસ્યઉં સૂરિમંત્ર સૂધઉ જિન કહ્યઉં. ૩

શ્રીસીમંધર કહઇ દેવતા ધૂરિ જિન નામ દેજ્યો થાપતાં;  
તાસ પટ્ટિ **જિનેશ્વરસૂરિ** નામઇં દુષ વલી જાઇ દૂરિ. ૪

આ લેખ મૂલનાયકની જમણી તરફ એક કાઉસગીયા નીચે છે.

( ૮ )

“ ६० ॥ सं० १३८१ वैशाष वदि ५ श्रीपत्तने श्रीशां-

---

પાટણ નયર દુલ્લભરાય યદા વાદ હૂઓ મઢપતિસ્યું તદા;
સંવત દસ અસીયઈ વલી ખરતર બીરદ દીયઇ મનિ રલી. ૫

ચઉથઇ પટ્ટિ **જિનચંદ્રસૂરિંદ અભયદેવ** પંચમઇ મુણિંદ;
નવંગિવૃત્તિ પાસથંભણઉ પ્રગટ્યો રોગ ગયુ તનુતણઉ. ૬

**શ્રીજિનવલ્લભ** છટ્ઠઇ જાણી ક્રિયાવંત ગુણ અધિક વખાણી;
**શ્રીજિનદત્તસૂરિ** સાતમઇ ચોસઠિ જોગિણી જસુ પય નમઇ. ૭

બાવન વીર નદી વલી પંચ માણભદ્રસ્યું થાપી સંચ;
વ્યંતર બીજ મનાવી આણ થૂભ અજમેર સોહઇ જિમ ભાણ. ૮

**શ્રીજિનચંદ્રસૂરિ** આઠમઇ નરમણિ ધારક દીલ્લી તપઇ;
તાસ સિસ **જિનપત્તિસૂરિંદ** નવમઇ પટ્ટિ નમું સુખકંદ. ૯

**જિનપ્રબોધ જિનેશ્વરસૂરિ શ્રી જિનચંદ્રસૂરિ** યસ પૂરિ;
વંદું **શ્રીજિનકુશલમુણિંદ** કામકુંભ સુરતરૂ મણિકંદ. ૧૦

ચઉદસઇ **જિનપદ્મસૂરીસ લબ્ધિસૂરિ જિનચંદ** મુનીસ;
સતર સમઇ **જિનોદયસૂરિ શ્રીજિનરાજસૂરિ** ગુણ ભૂરિ. ૧૧

પાટિ પ્રભાકર મુકટસમાણ **શ્રીજિનવર્દ્ધનસૂરિ** સુજાણ;
શીલઈ સુદરસણ જંબુકુમાર જંસુ મહિમા નવિ લાભઇ પાર. ૧૨

**શ્રીજિનચંદ્રસૂરિ** વીસમઇ સમતા સમરસ ઇંદ્રી દમઇ;
વંદો **શ્રીજિનસાગરસૂરિ** જાસ પસાઇ વિઘન સવિ દૂરિ. ૧૩

ચઉરાસી પ્રતિષ્ઠા કીદ્ધ અમ્હદાવાદ થૂભ સુપ્રસિદ્ધ;
તાસુ પદઇ **જિનસુંદરસૂરિ શ્રીજિનહર્ષસૂરિ** સુયપૂરિ. ૧૪

પંચવીસમઇ **જિનચંદ્રસૂરિંદ** તેજ કરિનઇ જાણઇ ચંદ;
**શ્રીજિનશીલસૂરિ** ભાવઇ નમો સંકટ વિકટથકી ઉપસમએ. ૧૫

**શ્રીજિનકીર્તિસૂરિ** સૂરીસ જગ સઘલઉ જસુ કરઇ પ્રશંસ;

तिनाथविधिचैत्ये श्रीजिनचंद्रसूरिशिष्यैः श्रीजिनकुशलसूरिभिः श्रीजिनप्रबोधसूरिमूर्त्तिः प्रतिष्ठिता ।। कारिता च सा० कुमरपालरत्नैः

---

શ્રી**જિનસિંહસૂરિ** તસુ પટ્ટઇ ભણું ધન આવઇ સમરંતા ઘણું. ૧૬

વર્ત્તમાન વંદો ગુરૂપાય શ્રી**જિનચંદસૂરિસર** રાય;
જિનશાસન ઉદયો એ ભાણુ વાદીભંજણુ સિંઘસમાણુ. ૧૭

એ ખરતર ગુરૂ પટ્ટાવલી કીધી ચઉપઇ મનનિ રલી;
ઓગણત્રીસ એ ગુરૂના નામ લેતાં મનવંછિત થાએ કામ. ૧૮

પ્રહ ઊઠી નરનારી જેહ ભણઇ ગુણઇ ઋદ્ધિ પામઇ તેહ;
**રાજસુંદરગણિ**વર ઇમ ભણઇ સંઘ સહૂનઇ આણંદ કરઇ. ૧૯

( આ પટ્ટાવલી શ્રીજિનચંદ્રના શિષ્ય પં૦ રાજસુંદરે દેવકુલપાટનમાં સં. ૧૬૬૯ ના વૈશાખ વદિ ૬ સોમવારે શ્રાવિકા થોભણદેના માટે લખી છે. )

આ પટ્ટાવલીમાં ઓગણીસમી પાટે ગણાવેલા શ્રી**જિનવર્દ્ધનસૂરિ**થી ‘ પિપ્પલક ખરતર શાખા ’ નિકળી હતી.

( ૧ ) **શ્રીજિનચંદ્રસૂરિ.** સમિઆના ગામના છાજેહડ ગોત્રીય, પિતા મંત્રિ દેવરાજ, માતા કમલાદેવી, મૂળ નામ **ખંભરાય,** સં. ૧૩૨૬ માગશર સુદિ ૪ જન્મ, સં. ૧૩૩૨ માં જાલોરમાં દીક્ષા, સં. ૧૩૪૧ વૈશાખ સુદિ ૩ સોમવારે આચાર્યપદ, સં. ૧૩૭૬ માં સ્વર્ગવાસ.

( ૨ ) **શ્રીજિનકુશલસૂરિ.** આ આચાર્ય પણ ખરતરગચ્છીયજ છે. ન્હાના દાદાજીના નામથી પ્રસિદ્ધ છે. ૧૩૩૭ માં **સમિઆના** નગરમાં જન્મ, છાજહડ ગોત્રીય, પિતા જિલ્હાગર, માતા જયતશ્રી. સં. ૧૩૪૭ માં દીક્ષા, ૧૩૭૭ ના જ્યેષ્ઠ વદિ ૧૧ રાજેન્દ્રાચાર્યે સૂરિમંત્ર આપ્યો. ૧૩૮૯ ફાલ્ગુન વદિ અમાવાસ્યાએ **દેરાઉર** નગરમાં સ્વર્ગગમન. ‘ચૈત્યવંદનકુલકવૃત્તિ’ વિગેરેના કર્તા.

( ૩ ) **જિનપ્રબોધસૂરિ,** પિતાનું નામ શ્રીચંદ્ર, માતાનું નામ સિરિયાદેવી, જન્મ સં. ૧૨૮૫, મૂળ નામ પર્વત, ૧૨૯૬ ફાલ્ગુન વદિ ૫ ના દિવસે થરાદમાં દીક્ષા, દીક્ષાનામ પ્રબોધમૂર્ત્તિ. સં. ૧૩૩૧ આશ્વિન વદિ ૫ સંક્ષેપથી પટ્ટોત્સવ, તેજ સાલમાં ફાલ્ગુન વદિ ૮ વિસ્તારથી પટ્ટોત્સવ, ૧૩૪૧ માં સ્વર્ગગમન. દુર્ગપ્રબોધ વ્યાખ્યાના કર્તા.

सा० महणसिंह सा० देपाल सा० जगसिंह सा० मेहा सुश्रावकैः सपरिवारैः स्वश्रेयोर्थं ॥ छ ॥ ”

આ લેખ આચાર્યની મૂર્ત્તિ ઉપરનો છે.

( ९ )

“ संवत् १४९१ वर्षे माहसुदि ५ बुधे नवलक्षगोत्रे सा० सहणपालेण स्वपुण्यार्थे श्रीजिनवर्धनसूरिपट्टे श्रीजिनचंद्रसूरीणां मूर्त्तिः प्र० श्रीजिनसागरसूरिभिः ॥ ”

આ લેખ આચાર્યની મૂર્ત્તિ નીચે છે.

( १० )

“ संवत् १४८६ वर्षे ज्येष्ठ वदि ५ सा० रामदेवभार्या

---

( ૧ ) **શ્રીજિનસાગરસૂરિ,** આ આચાર્યે સં. ૧૪૮૯ ના ફાલ્ગુન સુદિ ૩ ના દિવસે **જાઓરમાં** શ્રીસુપાર્શ્વજિનયુત દેવકુલિકાની પ્રતિષ્ઠા કરી હતી. તેમ સં. ૧૪૯૬ ના જ્યેષ્ઠ સુદિ ૩ બુધવારે શ્રીકરેડા ( કરહેડા ) ના મંદિરમાં વિમલનાથની દેવકુલિકાની પ્રતિષ્ઠા કરી હતી, એમ તે તે ગામોના શિલાલેખો બતાવે છે. આ આચાર્યે પં. ઉદયશીલગણિના આગ્રહથી **હૈમલઘુવૃત્તિના** ચાર અધ્યાયની દીપિકા બનાવી છે, અને ત્હેમણે પોતેજ દરેક પાદની નીચે પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છેઃ—

“इतिश्रीखरतरगच्छे **श्रीजिनवर्धन**सूरिपट्टे श्रीजिनचंद्रसूरिपट्टोदयालंकारामित्रैर्जगन्मित्रैः जितभावाऽमित्रैर्गणाऽमित्रैः श्रीजिनसागरसूरिभिः पूर्वगुरुविनयिविनेयाणां पं० उदयशीलगणीनामाग्रहेण शिष्यजनसुगमार्थं परोपकारार्थं च कृतायां श्रीहेमलघुव्याकरणे द्वितीयस्याध्यायस्य दीपिकायां षष्ठः पादः समाप्तः ॥

આમણે ‘કર્પૂરપ્રકરણ અવચૂરિ’ વિગેરે ગ્રન્થો બનાવ્યા છે. વળી આમના ઉપદેશથી સં. ૧૪૯૫ ના કાર્તિક સુદિ ૧૧ ના દિવસે **‘ધર્મોપદેશમાલાવૃત્તિ’** ની પ્રતિ લખાઇ છે. આ પ્રતિ **લીંબડીના** ભંડારમાં છે.

**मेलादेव्या श्रीद्रोणाचार्यगुरुमूर्त्तिः कारिता प्र० श्रीखरतरगच्छे श्री-जिनचंद्रसूरिभिः ॥ "**

આ લેખ, ભમતીમાં ભગવાનની મૂર્તિની ડાબી તરફની આ-ચાર્યની મૂર્તિ નીચે છે.

( ११ )

" संवत् १४८६ वर्षे ज्येष्ठ वदि ५ दिने नवलक्षशाखीय

---

( ૧ ) આ **મેલાદેવીએ**, સં૦ ૧૪૮૬ ના વૈશાખ સુદિ ૫ ના દિવસે 'संदेहदोलावलीवृत्ति' ની પ્રતિ લખાવીને આચાર્યશ્રી **જિનવર્ધનસૂરિના** શિષ્ય પં૦ **જ્ઞાનહંસગણીને** વ્હોરાવી છે, કે જ્હેની અંતમાં **મેલાદેવીનો** આ પ્રમાણે પરિચય આપવામાં આવ્યો છેઃ—

॥६०॥ संवत् १४८६ वर्षे वैशाषसुदि ५ दिने श्रीरामदेवभार्यया दानगुणसंपूर्णया देवगुरूणां विदधीय्यमाणभक्तिसंभारया श्रीदेवकुलपाटके विधिचैत्यश्री-आदिनाथभूवनदक्षिणपार्श्वे कारिताष्टापदाख्यप्रासादसंस्थापितशामलिकाविहार-गजाधिरूढभरतमरुदेवीमूर्त्तियुक्तबहुविधबिंबावलीमंडितगुरुमूर्त्तिसहितैकत्रावस्थित-सप्ततिशतजिनबिंबया षड्त्रिंशत्प्रभावनाभिः पावनाभिर्वाचितोत्तराध्ययनसिद्धां-तषड्त्रिंशदध्ययनया संघाधिपतिपदवीसमन्वित सं०ऋणमल्ल सं० ऋणधीर प्र-मुखपरिवारसहितया सत्या श्रीचतुर्विधसंघस्य कारितश्रीशत्रुंजयजीरापल्लीफल-वर्द्धितीर्थयात्रया साधुश्रीसहणमात्रा **मेलादेवि**सुश्राविकया निजपुण्यहेतवे **संदेहदोलावलीवृत्ति**र्लेखिता । श्रीजिनवर्द्धनसूरीश्वरशिष्य पं० **ज्ञानहंसगणये** दत्ता च सा च वाचंयमैर्वाच्यमानाचंद्रार्कं यावन्नंद्यात् " ॥ १ ॥

આની અંદર મેલાદેવીએ કરેલાં કતિપય કાર્યોનો ઉલ્લેખ છે. આ પ્રતિ **લીંબડીના** ભંડારમાં છે.

( ૨ ) **દ્રોણાચાર્ય**, આ આચાર્ય નિર્વૃત્તિકુળના હતા. એમણે શ્રી અભયદેવસૂરિને 'જ્ઞાતાધર્મકથા' શોધવામાં સહાયતા કરી હતી કે જે જ્ઞાતાની ટીકા અભયદેવસૂરિએ વિ૦ સં૦ ૧૧૨૦ માં બનાવી હતી. વળી આ આચાર્યે 'ઓઘનિર્યુક્તિ' પર ટીકા પણ બનાવી છે.

सा० रामदेवभार्यया श्रीमेलादेव्या श्रीजिनवर्धनसूरिमूर्त्तिः कारिता प्र० श्रीजिनचंद्रसूरिभिः ।"

આ લેખ ભમતીમાં ભગવાન્‌ની મૂર્ત્તિની જમણી તરફ આચાર્યની મૂર્ત્તિ નીચે છે.

( १२ )

"६० ॥ स्वस्ति सं० १४६६ वर्षे माघ ६ रवौ श्रीमालवंशे नावरगोत्रे ठ० ऊहड संतांने श्रीपुत्रमंत्रि करम० सि श्रेयोर्थं लघुभ्रातृ ठ० देपालेन भ्रातृव्य ठ० भोजराज ठ० नयणसिंह भार्या माल्हदे साहितेन श्रीआदिनाथबिंबं कारितः (तं) प्रतिष्ठितं श्रीखरतरगच्छे श्रीजिनचंद्रसूरिभिः देवकुलपाटके"

આ લેખ આદિનાથજીના મંદિરમાં મૂલનાયકજીની નીચે છે.

( १३ )

"॥ संवत् १४६१ वर्षे माघ वदि ५ दिने बुधे ऊकेशवंसे नवलखा गोत्रे साधु श्रीरामदेभार्या मेलादे तत्पुत्र साधुश्रीसहणपाले[1] [ न ] भार्या नारिंगदे पुत्र रणमल्लादिसहितेन देवकुलपाटके पूर्वाचलगिरौ श्रीशत्रुंजयावतारे मोरनागकुरिका साहिता

---

( ૧ ) આ સહણપાલે, ( કે જે મોકલરાણાનો પ્રધાન હતો ) આહડના શ્રીઋષભદેવસ્વામીના મંદિરનો ઉદ્ધાર કરાવ્યાનું, આહડના 'આદિનાથ સ્તવન'માં આ પ્રમાણે લખ્યું છેઃ—

" નવલખ સુભ વંશઇ **રામદેવ** વિખ્યાત,
તસુ સુત સાહ **સાહણ**ઉ આજ લગી અષીયાત;
ચિત્રકૂટ નરેસર **મોકલરાણ** પ્રધાન,
પ્રાસાદ ઉધરીઉ દ્રવ્ય ષરચી સાવધાન. "

प्रति० श्रीखरतरगच्छे श्रीजिनवर्धनसूरिपट्टे श्रीजिनचंद्रसूरि तत्पट्टे श्रीजिनसागरसूरिभिः ”

આ લેખ પણ શ્રીઆદિનાથના મંદિરમાં (ખરતર વસહી) છે.

( १४ )

“ सं० १४६५ ज्येष्ठ सुदि १४ बुधे श्रीविमलनाथबिंबं कारितं भानसिरिश्राविकया । प्र । श्रीजिनसागरसूरिभिः । श्रीमालज्ञातीयभांभियागोत्रे ”

( १५ )

“ ॥ ६० ॥ संवत् १४७३ वर्षे ज्येष्ठ सुदि ४ गुरुवारे सा० आंबापुत्र सा० वीराकेन स्वमातृ अ ( आंबा ) श्राविका स्वपुण्यार्थं ॥ श्रीचतुर्विंशतिजिनपट्टकः कारितः श्रीखरतरगच्छे प्रतिष्ठितं श्रीजिनवर्धनसूरिभिः । ”

ચોવીસ તીર્થંકરના પટ્ટ ઉપરનો આ લેખ છે.

( १६ )

“ संवत् १४६६ वर्षे माघ शुदि ६ दिने ऊकेशवंशे सा० सोषा संताने सा० सुहडापुत्रेण सा० नान्हाकेन पुत्र वीरमादिपरिवारयुतेन श्रीजिनराजसूरिमूर्त्तिः[1] कारिता प्रतिष्ठिता श्रीखरतरगच्छे श्रीजिनवर्धनसूरिभिः । ”

આચાર્યની મૂર્ત્તિની નીચેનો આ લેખ છે.

---

( ૧ ) **શ્રીજિનરાજસૂરિ,** આ આચાર્યને સં. ૧૪૩૨ ના ફાલ્ગુન વદિ છઠે પાટણમાં આચાર્ય પદવી મળી હતી. અને તેઓએ સં. ૧૪૪૪ માં ચિત્તોડની અંદર આદિનાથબિંબની પ્રતિષ્ઠા કરી હતી. એમ ત્યહાંનો શિલાલેખ બતાવે છે.

( १७ )

" सं० १४६६ वर्षे सा० रामदेवभार्यया मेलादेश्राविकया स्वभ्रातृस्नेहलया श्रीजिनदेवसूरिशिष्याणां श्रीमेरुनंदनोपाध्यायानां[1] मूर्त्तिः कारिता । प्रतिष्ठिता श्रीजिनवर्धनसूरिभिः ॥ "

આ લેખ ઉપાધ્યાયની મૂર્ત્તિની નીચેનો છે.

( १८ )

" संवत् १४६४ वर्षे माघ सुदि ११ गुरुवारे श्रीमेदपाटदेशे श्रीदेवकुलपाटकपुरवरे नरेश्वरश्रीमोकलपुत्रश्रीकुंभकर्णभूपतिविजय-राज्ये श्रीउसवंसे श्रीनवलक्षशाषमंडन सा० लक्ष्मीधर सुत सा० लाधू तत्पुत्र साधु श्रीरामदेव तद्भार्या प्रथमा मेलादे द्वितीया माल्हणदे । मेलादेकुक्षिसंभूत सा० श्रीसहणपाल । माल्हणकुक्षिसरोज-हंसोपमजिनधर्मकर्पूरवातसद्यधीनुक सा० सारंग । तदंगना हीमादे लखमादेप्रमुखपरिवारसाहितेन सा० सारंगेन निजभुजोपार्जितलक्ष्मीसफलीकरणार्थं निरुपममद्भुतं श्रीमत् श्रीशांतिजिनवरबिंबं सपरिकरं कारितं । प्रतिष्ठितं श्रीवर्धमानस्वाम्यन्वये श्रीमत्खरतरगच्छे श्रीजिनराजसूरिपट्टे श्रीजिनवर्धनसूरि तत्पट्टे[2] श्रीजिनचद्रसूरितत्पट्टपूर्वाचलचूलिकासहश्र( स्र )करावतारैः श्रीमज्जिनसागरसूरिभिः ॥

सदा वंदंते श्रीमद्धर्ममूर्त्ति[3]उपाध्यायाः

---

( १ ) **મેરૂનંદનોપાધ્યાય**—આ ઉપાધ્યાય શ્રીજિનદેવસૂરિના શિષ્ય હતા, અને ચૌદમી શતાબ્દિમાં થયા છે. એમણે ગુજરાતી ભાષામાં 'અજિત-શાન્તિસ્તવ,' અને 'જિનોદયસૂરિ વિવાહલો' વિગેરે બનાવેલ છે.

( ૨ ) **શ્રીજિનચંદ્રસૂરિ**—આ આચાર્ય શ્રીજિનસાગરસૂરિના ગુરૂ હતા.

( ૩ ) **શ્રીધર્મમૂર્ત્તિ ઉપાધ્યાય**—આ ઉપાધ્યાય શ્રીજિનસાગરસૂરિના સમકાલીન હતા.

घटितं सूत्रधार मदन पुत्र धरणावीकाभ्यां ॥ आचंद्रार्कं नंद्यात् ॥ श्रीः ॥ छ "

આ લેખ દેલવાડાની પાસે જે [1]નાગદા છે, ત્યાં શ્રીઅદ્બદજી ( શાંતિનાથ ) ની મૂર્ત્તિ નીચે છે.

---

(૧) **નાગદા.** આ ગામ દેલવાડાની પાસે આવેલા એકલિંગજીના ડુંગરની તળેટીમાં આવેલું છે. વર્તમાનમાં તદ્દન ઉજ્જડ સ્થિતિમાં છે. અહિં લગભગ એક માઇલના વિસ્તારમાં ઘણાં મંદિરોનાં ખંડેરો અને મૂર્ત્તિઓનાં ચિન્હો દૃષ્ટિગોચર થાય છે. અહિં એક **અદ્બદજીનું** મંદિર છે. આ મંદિરનો પણ માત્ર ગભારોજ બાકી રહ્યો છે. બાકીનો ભાગ પડી ગયેલો છે. ગભારામાં શાન્તિનાથ પ્રભુની મૂર્ત્તિ છે, તે ઉપરનોજ આ (૧૮ નંબરનો) લેખ છે. આ મંદિરની બાજૂમાં નજીકની જમીન ઉપર ત્રણ મૂર્ત્તિઓ છે, કે જ્હેની નીચે લેખો પણ છે. પરન્તુ તે એટલા બધા જીર્ણ છે કે–વાંચી શકાતા નથી. મહામુસીબતે બે લેખો વાંચી શકાય છે, તે ઉપરથી જણાય છે કે–તે મૂર્ત્તિઓ કુંથુનાથ અને અભિનંદન સ્વામીની હશે.

આ નાગહ્રદ, પહેલાં એક જૈનતીર્થ હતું, એમ જુદા જુદા સમયમાં બનેલી તીર્થમાળાઓમાં આવેલાં નામ ઉપરથી જણાય છે. જૂઓ, શ્રીમાન્ **મેઘે**, પોતાની તીર્થમાળામાં નામ આપ્યું છે, ત્હેવીજ રીતે મુનિરાજ **શીલવિજયજી**એ, સં. ૧૭૪૬ માં બનાવેલી તીર્થમાળામાં પણ આ પ્રમાણે આપ્યું છે:—

" नागद्रहि नमी लीलविलास "

આવીજ રીતે જિનતિલકસૂરિએ પોતાની તીર્થમાળામાં કહ્યું છે:—

" नागद्रहि पास तूं नमी छूटि "

અહીંના આ પાર્શ્વનાથનું અને નેમીનાથનું વર્ણન ઘણે સ્થળે જોવામાં આવે છે. મુનિસુંદરસૂરિવિરચિત **ગુર્વાવલી**માં કહ્યું છે:—

" खोमाणभूभृत्कुलजस्ततोऽभूत् समुद्रसूरिः स्ववशं गुरुर्यः ।
चकार नागहृदपार्श्वतीर्थं विद्याम्बुधिर्दिग्वसनान् विजित्य ॥३६॥

( ય० વિ० ગ્રં० માં છપાયેલ પૃ. ૪ )

( १६ )

" ॥ ६० ॥ सं० १४६४ वर्षे आषा० शु. १३ गुर्जरज्ञातीय भणसाली लाषणसुत मं. जयतलसुत मं० सादा भार्या

---

એ ઉપરથી જણાય છે કે—ખોમાણ રાજાના કુલમાં થયેલ સમુદ્રસૂરિએ દિગમ્બરોને જીતીને નાગહૃદનું પાર્શ્વનાથનું તીર્થ પોતાને સ્વાધીન કર્યું હતું.

મુનિસુંદરસૂરિએ, અહિંના પાર્શ્વનાથનું એક સ્તોત્ર બનાવ્યું છે. આ સ્તોત્રમાં આપેલા એક શ્લોક ઉપરથી જણાય છે કે—પાર્શ્વનાથનું મંદિર સંપ્રતિ રાજાએ બનાવ્યું હતું, તે શ્લોક આ છે:—

" न सम्प्रतिं तं नृपतिं स्तवीति कः सुखाकृता येन जगज्जनाः सदा ।
श्रीपार्श्व ! विश्वेहितशर्मदायकत्वत्तीर्थकल्पद्रुमरोपणादिह ॥२२॥

(સ્તોત્ર સં૦ ભા૦ ૨, ય૦ વિ૦ ગ્ર૦ માં છપાયેલ, પૃ૦ ૧૫૮)

અર્થાત્—હે પાર્શ્વનાથ પ્રભો ! જગતના ઇચ્છિત સુખને આપવાવાળા આપના તીર્થરૂપી કલ્પવૃક્ષને રોપવા થકી જ્હેણે જગતના મનુષ્યોને હમેશાં સુખી કર્યા છે, એવા **સંપ્રતિ** રાજાની કોણ સ્તવના ન કરે? આથીજ એ સિદ્ધ થાય છે કે—પાર્શ્વનાથનું મંદિર સંપ્રતિ રાજાએ બનાવ્યું.

અત્યારે, અદબદજીના દેરાસરની પાસેજ એક દેરાસર છે. જ્હેના લેખ ઉપરથી જણાય છે કે—આ પાર્શ્વનાથનું દેરાસર હશે. શાયદ ઉપર વર્ણવેલ પાર્શ્વનાથનું જ મંદિર આ હોય. આ મંદિરમાં પાર્શ્વનાથપ્રભુના મુખ્ય આસનની જમણી બાજૂની દેરી, પોરવાડ જ્ઞાતીના વ્યવહારીએ રાણા મોકલના વખતમાં વિ. સં. ૧૪૮૬ માં બનાવેલી છે.

આવીજ રીતે અહિંના નમિનાથનું નામ જ્હેમ શીલવિજયજીએ અને જિનતિલકસૂરિએ પોતાની તીર્થમાળાઓમાં લીધું છે, તેમ સોમતિલકસૂરિએ, પોતાના બનાવેલા પેથડશાહે કરેલાં દેરાસરોના મૂલનાયકની સ્તુતિરૂપ સ્તોત્રમાં પણ કહ્યું છે:—

" श्रीदर्भावतिकापुरेऽष्टमजिनो नागहृदेश्रीनमिः " ॥१६६॥

( ગુર્વાવલી પૃ૦ ૧૯ )

सूमलदे सुत मं० वरसिंह भ्रातृ मं० जेसाकेन भार्या शृंगारदे पुत्र हरिचंद्रप्रमुखसकलकुटुंबसहितेन स्वश्रेयसे प्रभुश्रीपार्श्वनाथप्रतिमा कारिता प्रतिष्ठिता श्रीसूरिभिः ॥

આ લેખ શ્રીપાર્શ્વનાથજીના મંદિરમાં મૂલનાયકની ડાબી તરફના કાઉસગીઆ નીચે છે.

( २० )

" श्रीपार्श्वनाथबिंब ॥ सा० श्रीससुदयवच्छस्य ॥ "

મૂલનાયક નીચે ડાબી તરફ.

( २१ )

" ॥ ६० ॥ संवत् १४६३ वर्षे वैशाख वदि ५........ यवडप्रासादगौष्ठिकप्राग्वाटज्ञातीय व्यव झांझा भा० लाछि पुत्र देपा भार्या देवलदे पुत्र ७ व्यय........कुंरपाल सिरिपति नरदे धीणा पंडित लषमसीश्रा स्वश्रेयोर्थं श्रीपार्श्वनाथजिनयुगलकारापितः प्रतिष्ठितः कछोलीवालगच्छे पूर्णिमापक्षे द्वितीयशाखायां भट्टारकश्रीभद्रेश्वर-

---

આ ઉપરથી સમજાય છે કે—અહિંનું નમિનાથનું દેરાસર પેથડે કરાવ્યું હતું. અત્યારે આ મંદિરનો અહિં કંઇ પત્તો નથી.

આ સિવાય અહિં બીજાં કેટલાંક મંદિરોનાં ખંડેરો જોવાય છે. અગર ત્હેની શોધ કરવામાં આવે, તો ઘણી મૂર્ત્તિયો અને બીજી ઐતિહાસિક વસ્તુઓ મળી શકે.

( ૧ ) **શ્રીભદ્રેશ્વરસૂરિ**—મને મળેલી રત્નાકરસૂરિની હાથપોથીમાંથી રત્નાકરસૂરિનો સમય લગભગ પંદરમા સૈકાનો માલૂમ પડ્યો છે. કેમકે ત્હેમણે 'અહોત્તર મિથ્યાત્વસ્થાનક' ના પાનામાં संवत् १५१३ वर्षे वैशाषशुक्लपंचम्यां श्रीभाडंगपुरे श्रीरत्नाकरसूरिभिः स्वयं लिखितानि " આ પ્રમાણે લખ્યું છે. આ પોથીમાં એક પાનું એવું પણ છે કે—જ્હેમાં પૂર્ણિમા ગચ્છની પટ્ટાવલી પણ આપી છે. ત્હેમાં નીચે પ્રમાણે અનુક્રમથી નામો આપવામાં આવ્યાં છે:—

सूरिसंताने तस्यान्वये भ० श्रीरत्नप्रभसूरिपट्टे [illegible]कश्रीस-
सर्वाणंदसूरीणां शिष्यलषमसीहेन आत्मश्रेयोर्थं कारापितः प्रतिष्ठितः
भ० श्रीसर्वाणंदसूरीणामुपदेशेन । मंगलं भूयात् ॥ ”

આ લેખ કાઉસગીયાના કાળા પત્થરની મૂર્ત્તિ નીચે છે.

( ૨૨ )

“ सं० १४८६ श्रीपार्श्वनाथबिंबं सा० सहणा ”

આ લેખ મૂલનાયકની નીચે છે.

( ૨૩ )

संवत् १६८६ वर्षे आषाढ़ बहुल ४ शनौ देलवाडावास्त-
व्य शवरगोत्रे ऊकेशज्ञातीयवृद्धशाखीय सा० मानाकेन भा० हीरांरा-
मापुत्र डायारांमा फयायुतेन स्वश्रेयसे श्रीपुंडरीकमूर्त्तिः कारापितं(ता)
प्रतिष्ठितं(ता) संडेरगच्छे भ० श्रीमानाजी केसजी प्र० ॥ ”

---

શ્રીભદ્રેશ્વરસૂરિ, શ્રીમુનીશ્વરસૂરિ, શ્રીરત્નપ્રભસૂરિ, શ્રીમહેંદ્રસૂરિ અને શ્રી-રત્નાકરસૂરિ.

આ ભદ્રેશ્વરસૂરિ પણ તેજ છે કે-જે આ પટ્ટાવલીમાં ગણાવ્યા છે. કેમકે એમનો પણ પૂર્ણિમાગચ્છજ લખ્યો છે.

( ૧ ) **શ્રીરત્નપ્રભસૂરિ.** આ આચાર્ય તેજ માલૂમ પડે છે કે જહે ઉપ-રની પટ્ટાવલીમાં બતાવ્યા છે. કેમકે લેખમાં પણ પૂર્ણિમાગચ્છના બતાવ્યા છે.

( ૨ ) **સર્વાણંદસૂરિ,** આ પણ પૂનમીયાગચ્છમાં થયેલ છે, અને તે રત્નાકરસૂરિના સમકાલીન હોવાનું જણાય છે.

( ૩ ) **ભટ્ટારક માનાજી**—એમના સંબંધી વિશેષ માહિતી મળે એવું કંઈ મળી શકયું નથી.

પાર્શ્વનાથજીના મંદિરમાં મૂલનાયકજીની સામેના ગભારામાં પુંડરીકની મૂર્ત્તિ નીચે આ લેખ છે.

( ૨૪ )

" .... .... .... .... ....

.... .... [1]जिनरतन(त्न)सूरिगुरुमूर्त्तिः कारिता प्रतिष्ठिता....

.... .... .... .... .... .... "

આ લેખ પણ ઉપરની મૂર્ત્તિ પાસેનીજ આચાર્યની મૂર્ત્તિ નીચે છે.

( ૨૫ )

"॥सं० १४७६ वर्षे मार्ग्र शु० १० दिने मोढज्ञातीय सा० वउहत्थ भार्या साजणि सुत मं० मानाकेन अंबिकामूर्त्तिः कारिता प्रतिष्ठिता श्री....रिभिः ॥

આ લેખ મહાત્મા શ્રીલાલ નાણુવાલને ત્યહાં દેવીની મૂર્ત્તિ ઉપર છે.

( ૨૬ )

" ॥ ६० ॥ श्रेयः श्रेणिविशुद्धसिद्धलहरीविस्तारहर्षप्रदः
श्रीमत्साधुमरालकेलिरणिभिः प्रस्तूयमानक्रमः ।
पुण्यागण्यवरेण्यकीर्तिकमलाव्यालोललीलाधरः
सोयं मानससत्सरोवरसमः पार्श्वप्रभुः पातु वः ॥ १

---

( ૧ ) **શ્રીજિનરત્નસૂરિ**—સેરૂણા ગામમાં જન્મ, પિતા ત્રિલોકસી, માતા તારાદેવી, ગોત્ર લુણીયા, નામ રૂપચંદ, સં. ૧૬૯૯ ના આશાડ સુદિ ૭ આચાર્યપદ, સંવત ૧૭૧૧ શ્રાવણ વદિ સાતમે અકબરાબાદ ( આગરા ) માં સ્વર્ગવાસ.

गंभीरध्वनिर्सुंदरः चितिधरश्रेणिभिरासेवितः
सारस्तोत्रपवित्रनिर्जरसरिद्वधिष्णुसज्जीवनः ।
चंचज्ज्ञानवितानभासुरमणिप्रस्तारमुक्तालयः
सोयं नीरधिवद् विभाति नियतं श्रीधर्मोचिंतामणिः ॥ २

रंगद्गांक्तरंगनिर्मलयशः कर्पूरपूरोद्धुरा–
मोदत्तोदसुवासितत्रिभुवनः कृत्तप्रमादोदयः ।
भास्वन्मेचककज्जलद्युतिभरः शेषाहिराजांकितः
श्रीवामेयजिनेश्वरो विजयते श्रीधर्मचिंतामणिः ॥ ३

इष्टार्थसंपादनकल्पवृक्षः प्रत्यूहपांशुप्रशमे पयोदः ।
श्रीधर्मचिंतामणिपार्श्वनाथ ! समग्रसंघस्य ददातु भद्रं ॥ ४

संवत् १४९१ वर्षे कार्तिक सुदि २ सोमे राणाश्रीकुंभकर्ण-विजयराज्ये उपकेशज्ञातीय साह सहणा साह सारंगेन मांडवी ऊपरि लागु कीधु । सेलहथि साजणि कीधु अंके टंका चऊद १४ जको मांडवी लेस्यइसु देस्यई । चिहु जणे बइसी ए रीति कीधी । श्रीधर्मचिंतामणिपूजानिमित्ति । सा० रणमल महं डूंगर से० हाला साह साडा साह चांपे बईसी बिहु रीति कीधी एह बोल लोपवा को न लहइं । टंका ५ देउलवाडानी मांडवी ऊपरि टंका ४ देउलवाडाना मापा ऊपरि । टंका २ देउलवाडाना मणहेडवटा ऊपरि । टंका २ देउलवाडाना षारीवटां ऊपरि ॥ टंकाउ १ देउलवाडाना पटसूत्रीय ऊपरि ॥ एवंकारई टंका १४ श्रीधर्मचिंतामणिपूजानिमित्ति सा० सारंगि समस्तसंघि लागु कीधउ ॥ शुभं भवतु ॥ मंगलाभ्युदयं ॥ श्रीः ॥ ए आसु जिको लोपई तहेरहिं राणाश्रीहमीरराणा श्रीषेताराणा श्रीलाषा रा० मोकलराणा श्रीकुंभकर्णनी आण छइ । श्रीसंघनी आण । श्रीजीराउला श्रीशत्रुंजयतणा सम ॥ ”

આ લેખ, યતિજી શ્રીખેમસાગરજીની પાસે એક પત્થર છે, તેની ઉપરનો છે.

ઉપર આપેલા શિલાલેખો પૈકી પ્રથમના ત્રણ લેખો તપાગચ્છાચાર્ય શ્રીસોમસુંદરસૂરિએ કરેલી પ્રતિષ્ઠાઓના છે. તે પછીના ત્રણ તેમનાજ શિષ્ય શ્રીજયચંદ્રસૂરિ અને શ્રીરત્નશેખરસૂરિકૃત પ્રતિષ્ઠાઓના છે. સાતથી અઢાર નંબર સુધીના લેખો ખરતરગચ્છના જુદા જુદા આચાર્યોએ કરેલી પ્રતિષ્ઠાઓના છે. જહેમાંના કેટલાક તો આચાર્યોની મૂર્ત્તિ ઉપરના છે. આથી એમ અનુમાન થાય છે કે–તે વખતે આ દેલવાડામાં ખરતરગચ્છના અનુયાયીઓ વધારે હશે. ૧૯–૨૦–૨૨–૨૪–૨૫ નંબરના લેખો ઉપર પ્રતિષ્ઠાપક આચાર્યનું નામ નહિ હોવાથી, કોની પ્રતિષ્ઠિત છે, તે કે કંઇ જણાતું નથી. ૨૧ નંબરનો લેખ શ્રીસર્વાણંદસૂરિનો છે, કે જેઓ પૂર્ણિમાપક્ષીય હતા. ૨૩ નંબરનો લેખ સંડેરગચ્છીય ભટ્ટારક માનાજીનો છે, જ્યારે ૨૬ નંબરનો લેખ કોઈ મૂર્ત્તિ ઉપરનો નહિ, પરન્તુ, રાણા તરફથી લખાયેલ એક પત્થર ઉપરનો પટો છે. ઉપરના છવીસ શિલાલેખો પૈકી ૨૪ શિલાલેખો પંદરમી અને સોળમી શતાબ્દિના છે, જ્યહારે એક સં. ૬૩૮૧ નો અને એક સં. ૧૬૮૯ નો છે.

વળી ઉપરના લેખોમાં ૭ લેખો તો આચાર્યોની મૂર્ત્તિઓ ઉપરના છે. ૧૭ મા નંબરનો શિલાલેખ જહે મંદિરમાં છે, તે મંદિરમાં રામદે ભાર્યા મેલાદેવીએ કરાવેલી ઘણી મૂર્ત્તિયો તથા પટ્ટકો છે, અને તે બધાં લગભગ ખરતરગચ્છના જિનવર્ધનસૂરિ તથા જિનસાગરસૂરિ વિગેરેનાં પ્રતિષ્ઠિત છે.

આ પ્રમાણે દેવકુલપાટક ( દેલવાડા ) માં પ્રતિષ્ઠાઓ વિગેરેના બનાવો બન્યા ઉપરાન્ત બીજા પણ ઐતિહાસિક બનાવો ઘણા બન્યા છે, ત્હેમાંના આ પણ છે.

૧ શ્રીજિનરાજસૂરિએ આજ નગરમાં સં. ૧૪૬૧ માં કાળ કર્યો હતો. કેમકે-શ્રીક્ષમાકલ્યાણકૃત ખરતરગચ્છપટ્ટાવલીમાં આ પ્રમાણે લખ્યું છે:—

श्रीगुरवः सं० १४६१ देलवाडाख्ये नगरे स्वर्गं गताः ॥"

૨ સચ્ચનીએ સં. ૧૪૭૦ માં સમાચારી અહિંજ લખાવી હતી. 'પરમાણંદ સમાચારીવિહિ' માં આ પ્રમાણે લખ્યું છે.

" संवत् १४७० वर्षे चैत्रसुदि ७ बुधवासरे देवकुलपाटके सामाचारीमिमां भक्त्या लेखयामास सच्चनिः ॥ "

૩ શ્રીસોમસુંદરસૂરિના સમયમાં ભક્તામરની અવચૂરિ પણ અહિંજ લખાણી છે. કેમકે તે અવચૂરિની અંતમાં આ પ્રમાણે લખ્યું છે.

संवत् १४८२ वर्षे पोषमासे प्रतिपदातिथौ देवकुलपाटके गच्छनायकभट्टारकप्रभुश्रीसोमसुंदरसूरिप्रसादात् लिखिता ॥ सा० षेढा ॥ नित्यं प्रणमिति ॥ विशालरत्नगणिः ॥

૪ ખરતરગચ્છીય શ્રીજિનસાગરસૂરિના ઉપદેશથી અહિંના રહેવાસી શા. રામદેવ અને તેની ભાર્યા સાધ્વી મેલાદેએ શ્રીઆવશ્યકબૃહદ્‌વૃત્તિનો બીજો ખંડ લખાવ્યો હતો. એમ તેની અંતના ભાગ ઉપરથી માલૂમ પડે છે:—

" संवत् १४६२ वर्षे आषाढसुदि ५ गुरौ श्रीमेदपाटदेशे श्रीदेवकुलपाटकपुरवरे श्रीकुंभकर्णराज्ये श्रीखरतरगच्छे श्रीजिनचंद्रसूरिपट्टे श्रीजिनसागरसूरीणामुपदेशेन श्रीऊकेशवंशीयनवलक्षशाखामंडन सा० श्रीरामदेवभार्यासाध्वीनी मेलादे तत्पुत्र राजमंत्रिधुराधौरेयः साधुश्रीसहणपालस्तेन संसरणमल्ल सा० रणधीर सा० रणवीर सा० भांडा सा० सांडा सा० रणभ्रम सा० चउंडा सा० कर्मसिंह प्रमु-

खसारपुत्रपरिवारपरिकालितेन निजपुण्यार्थं श्रीआवश्यकबृहद्वृत्ति-द्वितियखंडं भांडागारे लिखापितं ॥ शुभं भवतु ॥ ”

૫ શ્રીરત્નસિંહસૂરિના શિષ્ય શ્રીમાણિક્યસુંદરગણિએ સંવત્ ૧૫૦૧ માં ‘ભવભાવના’ સૂત્રનો બાલાવબોધ અહિંજ કર્યો છે. કેમકે તેની અંતમાં લખવામાં આવ્યું છે કેઃ—

“ इति श्रीमलधारिश्रीहेमचंद्रसूरिविरचितश्रीभवभावनासूत्रस्य श्रीबृहत्तपापक्षभट्टारकश्रीरत्नसिंहसूरिशिष्यपंडितमाणिक्यसुंदरगणिना श्रीदेवकुलपाटके ॥ संवत् १५०१ वर्षे कार्तिक सुदि १३ बुधे भव्य-सत्त्वप्रतिबोधाय बालावबोधः कृतः श्रीसिद्धान्तनिपुणैर्यतिवरैः संशोध्यः ”

ઉપરના તમામ વૃત્તાન્ત ઉપરથી આ તરફમાં આચાર્યોના વિહારનું અને જૈનોની વસ્તીનું પૂરેપુરૂં ભાન થયા વિના રહેતું નથી. કાલક્રમે અત્યારે આ દેલવાડામાં માત્ર ત્રણ મંદિરો વિદ્યમાન રહ્યાં છે, જ્યહારે શ્રાવકોનાં સો–સવાસો ઘર છે. તે પણ બધાએ સ્થાનકવાસી છે. એટલે ત્રણ મંદિરોમાં ત્રણ જણ પણ પૂજા કરવાવાળા નથી.

અત્યારે વિદ્યમાન જહે ત્રણે મંદિરો બાવન જિનાલય છે. ત્હેમાંનાં બે શ્રીઋષભદેવ ભગવાનનાં કહેવાય છે, જ્યહારે એક શ્રીપાર્શ્વનાથ ભગવાનનું કહેવાય છે. આ ત્રણે મંદિરો ઘણાં જીર્ણ થઇ ગયાં છે. આશાતના પણ ઘણી થાય છે, માટે તે તરફ ગૃહસ્થોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

ચોથું એક દેરાસર યતિજીના ઉપાશ્રયમાં છે, જહેમાં મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન છે.

એક વાત કહેવી રહી ગઈ. ઉપરના શિલાલેખોમાં ૧૮ મા નંબરનો જહે શિલાલેખ છે, તે શિલાલેખ દેલવાડાથી ત્રણ માઇલપર

નાગદા (નાગહૃદ) નામનું જે ન્હાનું ઉજ્જડ ગામડું છે, ત્ય્હાંના શ્રી શાન્તિનાથ ભગવાનના મંદિરમાં શ્રીશાન્તિનાથ ભગવાનની મૂર્ત્તિ ઉપરનો છે. આ પ્રતિમા લગભગ આઠ હાથ ઉંચી છે અને તેથી તે **અદબદદેવ**ના નામથી મશહૂર-પ્રસિદ્ધ છે.

છેવટ—હજુ પણ એવાં ઘણાં અપ્રસિદ્ધ-પ્રાચીન નગરો છે કે જ્હે નામ માત્ર રહ્યાં છે, પરન્તુ ત્હેનો ઇતિહાસ જૈન ઇતિહાસમાં ઘણો પ્રકાશ પાડી શકે તેમ છે, તો તે નગરોના સંબંધમાં તપાસ કરી-ખોજ કરી ઇતિહાસપ્રેમી લેખકો લખવા પ્રયત્ન કરશે, તો તે વૃત્તાન્તો ઘણાંજ ઉપયોગી થઇ પડશે. આશા છે કે-જૈન લેખકોનું હવે આ તરફ અવશ્ય લક્ષ્ય જશે.



થોડાજ વખતમાં બહાર પડશે.

# ઐતિહાસિક રાસસંગ્રહ.

( ભાગ ૩ જો. )

આ સંગ્રહમાં નવ રાસો છે. ૧ વિનયદેવસૂરિ, ૨ વિદ્યાસાગરસૂરિ, ૩ વૃદ્ધિવિજયગણિ, ૪ કાપડહેડા, ૫ વૃદ્ધિસાગરસૂરિ, ૬ જિનોદયસૂરિ, ૭ કર્મચંદ્રમંત્રી, ૮ આણંદવિમલસૂરિ અને ૯ કમલવિજયગણિનો રાસ. આ બધા રાસોનો સાર, ઐતિહાસીક ટિપ્પણીઓ, અને શબ્દાર્થસંગ્રહ પણ સાથમાં આપેલ છે. પહેલા અને બીજા ભાગની માફકજ આ પણ દરેક રીતે ઉપયોગી છે.

---

# ઐતિહાસિક રાસસંગ્રહ.

( ભા. ૪ થો. )

આ ભાગમાં કેવળ **વિજયતિલકસૂરિનોજ** રાસ છે. આ રાસમાં વિજયદાનસૂરિથી લઇ કરીને વિજયદેવસૂરિ સુધી ગચ્છની કેવી સ્થિતિ હતી, ધર્મસાગરના કેટલાક ગ્રંથો સંબંધી કેવા મતભેદો પડ્યા હતા, અમદાવાદ, ખંભાત, પાટણ, રાધનપુર અને સૂરતના સંઘોમાં કેવી ખટપટો ઉભી થઇ હતી ? વિગેરેનું ઘણુંજ જાણવા જેવું ઐતિહાસિક વૃત્તાન્ત કવિએ આલેખ્યું છે. અને તેથી કરીને જુદાં જુદાં પ્રકરણો પાડી રાસનો સાર કથારૂપે આપવામાં આવ્યો છે. તે સિવાય રાસમાં આવતાં વિશેષ નામોનો પરિચય, અને શબ્દાર્થ સંગ્રહ વિગેરે આપી તમામ રીતે આ ઘણો ઉપયોગી થઇ પડે, તેવી રીતે છપાવવામાં આવ્યો છે.

# ઐતિહાસિક-સજ્ઝાયમાળા.

(ભાગ ૧ લો.)

આ સજ્ઝાયમાળામાં તપાગચ્છમાં થયેલા સુપ્રસિદ્ધ આચાર્યો—આણંદવિમલસૂરી, સોમવિમલસૂરિ, હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ, વિજયતિલકસૂરિ, વિજયદેવસૂરિ, વિજયાણંદસૂરિ, વિજયપ્રભસૂરિ, વિજયરત્નસૂરિ, મેઘવિજય ઉપાધ્યાય, વિજયક્ષમાસૂરિ, વિજયદયાસૂરિ, વિજયદાનસૂરિ, વિજયસિંહસૂરિ, વિજયરાજસૂરિ, મુનિસુંદરસૂરિ, સોમસુંદરસૂરિ, ભાનુચંદ્ર ઉપાધ્યાય અને વિજયધર્મસૂરિ વિગેરેની ઐતિહાસિક વૃત્તાન્તોવાળી સજ્ઝાયો આપવામાં આવી છે. તેમ ગચ્છનાયક પટ્ટાવલી કે જે સજ્ઝાય રૂપેજ છે, તે પણ આપી છે. આની સાથે સજ્ઝાયોના કર્ત્તા અને ત્હેમાં આવતાં બીજા આચાર્યોનાં નામો વિગેરેના સંબંધમાં ઐતિહાસિક નોટો આપી ઇતિહાસની દૃષ્ટિએ પણ એક ઉપયોગી ગ્રંથ બન્યો છે. સજ્ઝાયોના ગાનારાઓને તો આ પુસ્તક ઉપયોગી છે, એમાં ક્હેવુંજ શું.

ઉપર બતાવેલ રાસ સંગ્રહ ભાગ ૩-૪ અને સજ્ઝાયમાળાનો પ્રથમ ભાગ છપાઇ ગયેલ છે, જે થોડાજ વખતમાં બહાર પડશે.

આ સિવાય અમારા તરફથી 'પ્રાચીનલેખસંગ્રહ' (જ્હેની અંદર અપ્રસિદ્ધ પ્રતિમાઓ ઉપરના ૫૦૦ લેખો આપ્યા છે, તેમ ત્હેની અંદર આવેલ ગચ્છ—આચાર્યો વિગેરેનું વૃત્તાન્ત આપ્યું છે.) 'તીર્થમાળાસંગ્રહ' વિગેરે ઐતિહાસિક પુસ્તકો પણ છપાય છે, જ્યહારે અપ્રસિદ્ધ 'ચોવીસી સંગ્રહ' પ્રાચીનસ્તવનસંગ્રહ.' વિગેરે પુસ્તકો પણ તૈયાર થાય છે કે જે ક્રમશઃ છપાઈ પ્રકટ થશે.

શ્રીય... .

... .

(કાઠીયાવાડ.)

Serving JinShasan
074849
gyanmandir@kobatirth.org